# જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, સ્વપ્ન સૃષ્ટી રેસી. પાસે, જીયાવ બુડિયા રોડ, ભેસ્તાન - 395023

Phone:(0261)2995466, 2996466 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org


જા. ક્રમાંક/ડાયેટ/સુરત/ગ.વિ.પ્ર./2024- ૧૧૦૪૬- ૧૧૦૮૩ તા: 19 /11/2024

પ્રતિ,

૧ એસ વી એસ કન્વીનરશ્રી, તમામ જિ: સુરત

૨ યુ/ બી આર સી કો ઓર્ડીનેટરશ્રી, તમામ જી. સુરત

<u>વિષય : જીલ્લા કક્ષાના (પ્રાથમિક, માધ્યમિક-ઉ.માધ્યમિક શાળાઓ) બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2024માં શ્રેષ્ઠ કૃતિને ઉપસ્થિત રહેવા જાણ કરવા બાબત</u>

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત જીલ્લાનું જીલ્લા કક્ષાનું (પ્રાથમિક, માધ્યમિક-ઉ.માધ્યમિક શાળાઓ ) બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન- 2024 નીચેના સ્થળે અને સમયે યોજવાનું નક્કી થયેલ છે.

જેમાં આપના એસ વી એસ/ યુ-બી આર સી કક્ષાના વિજ્ઞાન <u>પ્રદર્શનની શ્રેષ્ઠ કૃતિઓની શાળાને તેમની શ્રેષ્ઠ કૃતિને</u> જણાવેલ તારીખે અને સમયે, નીચેની સુચના ધ્યાને લઈ ઉપસ્થિત રહી પ્રદર્શનમાં ભાગ લેવા જાણ કરવાની રહેશે. શ્રેષ્ઠ કૃતિની યાદી આપની પાસે છે. ( તમામ કક્ષાએ પ્રદર્શનના પાંચ (મહત્તમ - 05) વિભાગમાંથી પસંદ થયેલી એક-એક શ્રેષ્ઠ કૃતિ)

<u>સુચના :</u>

- <u>જિલ્લા કક્ષાના પ્રદર્શનનું સ્થળ:</u> વિદ્યાદીપ જુનિયર કોલેજ, વિદ્યાદીપ યુનિવર્સીટી કેમ્પસ, મુ: અણીતા (કીમ નજીક) તા: ઓલપાડ, જી: સુરત
  - સુરત વાયા ઓલપાડ – વડોલીવાંક - અણીતા (આશરે 35 કિમી)
  - સુરત વાયા કામરેજ ચાર રસ્તા – કીમ ચોકડી- અણીતા (આશરે 45 કિમી)

પ્રદર્શન સ્થળ:

https://maps.app.goo.gl/ma5aViKPxB9SBWjF6?g_st=com.google.maps.preview.copy

- **<u>પ્રદર્શન તારીખ : 28-29-30 નવેમ્બર 2024</u>**
  - તા: 28/11/24નાં રોજ:

    <u>કૃતિ રજીસ્ટ્રેશન અને ગોઠવણી: તા: 28/11/2024 નારોજ સવારે 10: 00 થી 12:00 કલાક</u> સુધીમાં, બપોર ભોજન 12:00 થી 13 :30 કલાક સુધી, <u>ઉદઘાટન</u> : બપોરે 14: કલાકે

- ➢ તા: 29/11/24 નાં રોજ સવારે 9 થી સાંજે 17 કલાક સુધી.
- ➢ તા: 30/11/24 નાં રોજ સવારે 9 થી બપોરે 13:00 કલાક સુધી.

- દરેક શ્રેષ્ઠ કૃતિ દીઠ એક માર્ગદર્શક શિક્ષક અને બે સ્પર્ધક વિદ્યાર્થીએ (તાલુકા/યુઆરસી /એસ વી એસ કક્ષા એ હાજર રહ્યા હતા તે ) કૃતિ રજુ કરવા ઉપસ્થિત રહેવાનું રહેશે.
- કૃતિ સાથેની જરૂરી દરેક વસ્તુ સાથે લઈને આવવાનું રહેશે.
- વીજળીની જરૂરિયાત માટે એક્ષટેન્શન બોક્ષ/ વાયરની જલેબી બોક્ષ સાથે લાવવાનું રહેશે.
- વીજ પોઈન્ટની સગવડ આપવામાં આવશે.
- કૃતિ ડિસ્પ્લે માટે આપને 5 ફૂટ X 5 ફૂટની જગ્યા આપવામાં આવશે, સાથે 1 ટેબલ, અને 2 ખુરશી આપવામાં આવશે. બેનર, ચાર્ટ વગેરે બનાવી લાવશો.
- ડાર્ક રૂમ માટે બ્લેક કાપડ, સેલોટેપ, દોરી,પીન વગેરે લાવવું.
- તા: 28/11/2024ના રોજ માર્ગદશક શિક્ષક અને બંને વિદ્યાર્થીએ સમયસર ઉપસ્થિત થઈ કૃતિ ફરજીયાત ગોઠવવી.
- પ્રદર્શન સ્થળે નાસ્તા, ભોજનની સગવડ આપવામાં આવશે.
- પ્રદર્શન સ્થળે રોકાવું ફરજીયાત નથી. હવે પછી ગુગલ લીક મોકલવામાં આવશે તેમાં રાત્રી રોકાણ માટે તમામ કૃતિના માર્ગદર્શક શિક્ષકે હા કે ના જણાવવાનું રહેશે. વિદ્યાર્થી સાથે માર્ગદર્શક શિક્ષક રાત્રી રોકાણ કરવાના હોય તો જ વ્યવસ્થા કરવામાં આવશે અન્યથા નહી.
- રજીસ્ટ્રેશન સમયે જે સુચના આપવામાં આવે તેનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. દરરોજ હાજરી પત્રકમાં સહી કરવાની રહેશે.

સંપર્ક: 1) રશ્મીકાંત પટેલ 9099453960 લેકચરર ડાયેટ સુરત
2) પ્રીતેશભાઈ - 9662769316,
વિદ્યાદીપ જુનિયર કોલેજ, અણીતા

જીલ્લા પ્રા. શિક્ષણાધિકારી
સુરત

જીલ્લા શિક્ષણાધિકારી
સુરત

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરત

નકલ સવિનય રવાના જાણ સારૂ
- રીડરશ્રી, ગણિત વિજ્ઞાન એકમ, જીસીઇઆરટી, ગાંધીનગર

નકલ રવાના અમલ સારુ :
શાસનાધિકારી -સુરત
તાલુકા પ્રા.શિક્ષણાધિકરીશ્રી - તમામ જી:સુરત